| Article Date | Headline / Summary | Publication |
|---|---|---|
| 18 Jul 2024 | Health Insurance for Monsoon Illnesses: Things You Should Know | Prabhat |

# ચોમાસામાં થતી બીમારીઓ માટે હેલ્થ ઈન્શ્યોરન્સઃ તમારા માટે જાણવા લાયક બાબતો

ભારતમાં ચોમાસાની ઋતુ તાજગીભર્યો વરસાદ લાવવાની સાથે-સાથે સ્વાસ્થ્ય સમસ્યાઓમાં વધારો પણ કરે છે. આમાં ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા જેવી ગંભીર બીમારીઓનો સમાવેશ થાય છે, જે મચ્છરો અને માખી દ્વારા ફેલાય છે. આ બીમારીઓ નોંધપાત્ર સ્વાસ્થ્ય જોખમો ધરાવે છે અને મોટા તબીબી ખર્ચનું કારણ બની શકે છે. વધુમાં, માખી અને ખોરાક દૂષિત થવાથી પેટના સંક્રમણની સમસ્યા જોવા મળે છે, જે ચોમાસા દરમિયાન વારંવાર જોવા મળે છે. આ બીમારીઓની ગંભીરતા અને હેલ્થ ઈન્શ્યોરન્સના મહત્વને સમજવું નાણાંકીય સુરક્ષા અને મનની શાંતિ માટે મહત્વપૂર્ણ છે.

વાહક-જન્ય બીમારીઓ: ચોમાસામાં વધતું જોખમ

ડેન્ગ્યુ

ડેન્ગ્યુ તાવ, એડીસ મચ્છર દ્વારા થતી આ બીમારીમાં ખૂબજ તાવ, ખૂબ માથુ દુખવું, આંખના પાછળના ભાગમાં દુખાવો થવો, સાંધા અને સ્નાયુઓ દુખવા, શરીર પર ઉઝરડા પડવા અને હળવો રક્તસ્રાવ થવો જેવાં લક્ષણો જોવા મળે છે. કેટલાક ગંભીર કેસોમાં હેમરજેનિક તાવ અથવા ડેન્ગ્યુ શૉક સિન્ડ્રોમ થઈ શકે છે, જેને તાત્કાલિક સારવાર ન મળે તો, તે ઘાતક બની શકે છે.

મલેરિયા

મલેરિયા એનોફિલિસ મચ્છર દ્વારા ફેલાય છે અને પ્લાઝમોડિયમ પરોપજીવી દ્વારા થાય છે. જેનાં લક્ષણોમાં તાવ, ઠંડી લાગવી, માથુ દુખવું, ઉલટી, ઉબકા અને સ્નાયુઓના દુખાવાનો સમાવેશ થાય છે. જો મલેરિયાની સારવાર કરવામાં ન આવે તો, તે અંગો કામ કરતાં બંધ થવાથી લઈને મૃત્યુ સહિતની ગંભીર સમસ્યામાં પરિણમી શકે છે.

ચિકનગુનિયા

ચિકનગુનિયા એડીસ મચ્છર દ્વારા ફેલાય છે, જેમાં અચાનક જ તાવ આવે છે અને સાંધામાં ખૂબ જ દુખાવો થવા લાગે છે, જેના કારણે અશક્તિ આવી શકે છે. અન્ય લક્ષણોમાં સાંધામાં દુખાવો, માથું દુખવું, ઉબકા આવવા, થાક લાગવો અને શરીર પર ઉઝરડા પડવાનો સમાવેશ થાય છે. સાંધાનો દુખાવો અઠવાડિયા અથવા મહિનાઓ સુધી અનુભવાઈ શકે છે.

દૂષિત પાણી અને તેનાથી થતી બીમારીઓ

ભારતમાં ચોમાસાની ઋતુમાં પાણી પ્રદૂષિત થવાની સમસ્યા પણ ઊભી થાય છે, જેના કારણે વિવિધ બીમારીઓ પણ થઈ શકે છે. એકજ જગ્યાએ ભરાયેલું પાણી બેક્ટેરિયા અને વાઈરસ માટે સંવર્ધનનું સ્થળ બની જાય છે, જેના પરિણામે કોલેરા, ટાઈફોઈડ અને હેપેટાઈટિસ એ જેવી બીમારીઓ થાય છે. આ પાણી જન્ય રોગો ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે અને તેની તબીબી સારવારમાં મોટો ખર્ચ થઈ શકે છે. વાહક-જન્ય રોગોની જેમ, વ્યક્તિઓએ આવી બીમારીઓની સારવારના આર્થિક બોજથી પોતાને સુરક્ષિત કરવાની જરૂર છે, જે કૉમ્પ્રિહેન્સિવ હેલ્થ ઈન્શ્યોરન્સના મહત્વને દર્શાવે છે.

હેલ્થ ઈન્શ્યોરન્સનું મહત્વ

ચોમાસા સંબંધિત બીમારીઓ હૉસ્પિટલાઈઝેશન, નિદાન પરીક્ષણો, દવાઓ અને ફૉલો-અપ સારવાર સહિતના નોંધપાત્ર તબીબી ખર્ચાનું કારણ બની શકે છે. ઉદાહરણ તરીકે, એક દિવસનું હૉસ્પિટલાઈઝેશન, ભૌગોલિક અને તબીબી સ્થિતિના આધારે ૨૫૦૦૦ થી ૧૦૦૦૦૦ ની વચ્ચે ખર્ચ થઈ શકે છે. આ ખર્ચાઓ ઝડપથી વધી શકે છે, હેલ્થ ઈન્શ્યોરન્સ તેમને મેનેજ કરવામાં અને આર્થિક તણાવ વગર તબીબી સંભાળ મેળવવા માટેનું મહત્વપૂર્ણ સાધન બની શકે છે.


**ભાસ્કર નેરુરકર**
હેડ - હેલ્થ અને ટ્રાવેલ એડ્મિનિસ્ટ્રેશન ટીમ, બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ


હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાનની મુખ્ય વિશેષતાઓ

હૉસ્પિટલાઈઝેશન કવરેજઃ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાનમાં દાખલ દર્દીના હૉસ્પિટલાઈઝેશનના ખર્ચા જેમ કે રૂમનું ભાડું, ICU શુલ્ક, ડૉક્ટરની ફી અને નર્સિંગ ખર્ચને કવર કરવામાં આવે છે. કોઈપણ હૉસ્પિટલાઈઝેશનની સ્થિતિમાં આ કૉમ્પ્રિહેન્સિવ કવર અંતર્ગત કેશલેસ સુવિધાનો લાભ લઈ શકાય છે.

હૉસ્પિટલાઈઝેશન પહેલાં અને પછીના ખર્ચઃ ઘણા પ્લાન હૉસ્પિટલાઈઝેશન પહેલાં અને પછીના તબીબી ખર્ચને કવર કરે છે, જેમાં નિદાન પરીક્ષણો, કન્સલ્ટેશન અને દવાઓનો સમાવેશ થાય છે.

ડે કેર પ્રક્રિયાઓઃ કેટલાક પ્લાન એવી પ્રક્રિયાઓ કવર કરે છે જેમાં ૨૪-કલાક હૉસ્પિટલમાં રહેવાની જરૂર નથી.

એમ્બ્યુલન્સ શુલ્કઃ ઈમરજન્સી દરમિયાન મોટાભાગે એમ્બ્યુલન્સ ખર્ચ માટેના કવરેજનો સમાવેશ થાય છે.

કેશલેસ સારવારઃ નેટવર્ક હૉસ્પિટલો કેશલેસ સારવાર પ્રદાન કરે છે, જે પ્રવેશ અને ડિસ્ચાર્જ પ્રક્રિયાઓને સરળ બનાવે છે.

ક્રિટિકલ ઈલનેસ કવરઃ કેટલાક પ્લાન ગંભીર બીમારીઓને કવર કરે છે, જેમાં વાહક-જન્ય રોગોના ગંભીર કેસનો સમાવેશ થાય છે, જેમાં સઘન સંભાળની જરૂર હોય છે.

ભારતમાં હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રૉડક્ટ

સ્ટાન્ડર્ડ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાન

ભારતની મોટાભાગની જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ સ્ટાન્ડર્ડ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાન ઑફર કરે છે જે વાહક-જન્ય રોગો સહિત વિવિધ બીમારીઓ માટે હૉસ્પિટલાઈઝેશન અને સારવારના ખર્ચને કવર કરે છે. આ કૉમ્પ્રિહેન્સિવ પ્લાન પૉલિસીધારકોને વિશાળ શ્રેણીના લાભો પ્રદાન કરે છે.

ખાસ વાહક-જન્ય રોગ કવર

કેટલાક ઈન્શ્યોરર વધતી જતી મોસમી બીમારીઓને સંબોધવા માટે વાહક-જન્ય રોગોને આવરી લેવા માટે ખાસ હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રોડક્ટ ઑફર કરે છે. આ પ્લાન ઘણીવાર ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગોનું નિદાન થતાં જ એકસામટી રકમની ચુકવણી પ્રદાન કરે છે, જે તાત્કાલિક તબીબી ખર્ચ માટે નાણાંકીય રાહત પ્રદાન કરે છે.